


# વડ દેવ વૃક્ષ છેઃ દેવી સાવિત્રી પણ વડ વૃક્ષમાં પ્રતિષ્ઠિત રહે છે!

**કાળચક્ર**

**યજ્ઞાનંદ**

આ વર્ષે વડ સાવિત્રી વ્રતના દિવસે રોહિણી નક્ષત્ર અને ધૃતિયોગ છે. શનૈશ્ચર જયંતી. વૈશાખ/અમાસ. સર્વાર્થ સિદ્ધિયોગ વગેરે ખૂબ જ શુભ છે

વડ દેવ વૃક્ષ છે

વડ વૃક્ષના મૂળમાં ભગવાન બ્રહ્મા, મધ્યમાં જનાર્દન વિષ્ણુ તથા અગ્ર ભાગમાં દેવાધિદેવ શિવનો વાસ રહેલો છે. દેવી સાવિત્રી પણ વડ વૃક્ષમાં પ્રતિષ્ઠિત રહે છે. આ વડ વૃક્ષની નીચે સાવિત્રીએ પોતાના પતિવ્રતથી મૃત પતિને ફરી જીવિત કર્યો હતો. ત્યારથી આ વ્રત 'વડસાવિત્રી'ના નામથી કરવામાં આવે છે. જેઠ માસનાં વ્રતોમાં 'વડ સાવિત્રી વ્રત' એક પ્રભાવશાળી વ્રત છે. તેમાં વડ વૃક્ષની પૂજા કરવામાં આવે છે. સ્ત્રીઓ પોતાના અખંડ સૌભાગ્ય તેમ જ કલ્યાણ માટે આ વ્રત કરે છે. સૌભાગ્યવતી સ્ત્રીઓ શ્રદ્ધાની સાથે જેઠ વદ (કૃષ્ણ) તેરસથી અમાસ સુધી ત્રણ દિવસનો ઉપવાસ રાખે છે. તેરસના દિવસે વડવૃક્ષની નીચે વ્રતનો આ પ્રકારે સંકલ્પ લેવો જોઈએ:

હાથમાં પાણી, કંકુ, ચોખા, સોપારી ફૂલ વગેરે લઈને.

''મમ વૈધ વ્યાદિ સકલ દોષ પરિહારાર્થમ બ્રહ્મ સાવિત્રી પ્રીત્યર્થમ સત્ય વત્સાવિત્રી પ્રાત્યર્થમ ચ વટ સાવિત્રી વ્રતમહં કરિષ્યે.'' ત્યાર બાદ વડના મૂળમાં પાણી છોડી દેવું.

આ પ્રકારનો સંકલ્પ કરીને ત્રણ દિવસ ઉપવાસ કરવાનું સામર્થ્ય ના હોય તો તેરસે રાત્રિ ભોજન, ચૌદશે અપાચિત તથા અમાસે ઉપવાસ કરીને એકમે પારણાં કરવાં જોઈએ. અમાસના દિવસે એક વાંસની ટોપલીમાં સપ્ત ધાન્ય ઉપર બ્રહ્મા અને બ્રહ્મ સાવિત્રી તથા બીજી ટોપલીમાં સત્યવાન તેમ જ સાવિત્રીની મૂર્તિ સ્થાપિત કરી વડની પાસે યથાવિધિ પૂજન કરવું જોઈએ. સાથે જ યમનું પૂજન કરવું જોઈએ. પૂજન દરમિયાન સ્ત્રીઓ વડની પૂજા કરે છે તેમ જ તેના મૂળને પાણીથી સીંચે છે. વડની પરિક્રમા કરતી વખતે 108 વાર અથવા યથાશક્તિ સૂતર વીંટવામાં આવે છે. 'નમો વૈવસ્વતાય' આ મંત્રથી વડ વૃક્ષની પ્રદક્ષિણા કરવી જોઈએ. ''અવૈધવ્યં ચ સૌભાગ્યં દેહિત્વં મમ સુવ્રતે, પુત્રાન પૌત્રાંશ્ચ સૌખ્યં ચ ગૃહાણા દર્યમ નમોસ્તુ તે'' આ મંત્રથી સાવિત્રીને અર્ઘ્ય આપવો જોઈએ અને વડ વૃક્ષનું સિંચન કરતાં કરતાં નીચે મુજબ પ્રાર્થના કરવી જોઈએ:

વટ સિદ્ધામિ તે મૂલં સલિલૈરમૃતોપમૈઃ

યથા શાખા પ્રશાખાભિર્વૃદ્ધોસિ ત્વં મહી તલે

તથા પુત્રૈશ્ચ પૌત્રશ્ચ સમ્પન્ન કુરુ માં સદા

ચણા પર રૂપિયા રાખીને પોતાની સાસુને આપીને તેમના આશીર્વાદ લેવામાં આવે છે. સૌભાગ્ય દ્રવ્ય અને પૂજા સામગ્રી કોઈ યોગ્ય બ્રાહ્મણને આપવામાં આવે છે. સિંદૂર, દર્પણ, નાડાછડી, કાજલ(મેંશ), મહેંદી, ચૂડી, માથાનો ચાલ્લો, હિંગુલ, સાડી, સ્વર્ણાભૂષણ વગેરે વસ્તુઓ એક વાંસની ટોપલીમાં રાખીને આપવામાં આવે છે. આ જ સૌભાગ્ય પિટારીના નામથી ઓળખાય છે. સૌભાગ્યવતી સ્ત્રીઓનું પણ પૂજન થાય છે. કેટલીક સ્ત્રીઓ ફક્ત અમાસના દિવસે એક દિવસનું જ વ્રત રાખે છે. આ વ્રતમાં સાવિત્રી- સત્યવાનના પુણ્ય કથાનું શ્રવણ કરે છે. આ પ્રકારે એવી માન્યતા થઈ હતી કે સાવિત્રીની આ પુણ્ય કથાને સાંભળવાથી તથા પતિભક્તિ રાખવાથી સ્ત્રીઓના સંપૂર્ણ મનોરથ પૂર્ણ થાય છે અને બધી જ વિપત્તિઓ દૂર થાય છે. દરેક સૌભાગ્યવતી નારીએ વડસાવિત્રીનું વ્રત રાખીને આ કથા સાંભળવી જોઈએ.

આ વર્ષે 6 જૂને વડસાવિત્રીનું વ્રત રાખી શકાશે. માન્યતા છે કે જે પણ પરણેલી સ્ત્રી આ વ્રતને પૂરા વિધિવિધાનથી કરે છે તેને અખંડ સૌભાગ્યવતી થવાનું વરદાન મળે છે. વડ સાવિત્રીની પૂજા વડના વૃક્ષ નીચે કરવામાં આવે છે. જે સાધકોના ઘરની આસપાસ જો વડનું વૃક્ષ ના હોય તો ક્યાંકથી વડની ડાળી તોડીને તેની પૂજા કરવી જોઈએ. આ વ્રતની પૂજા માટે નીચે આપેલી એ બધી વસ્તુઓની આવશ્યકતા હોય છે.



વાંસનો પંખો, નાડાછડી અથવા સફેદ સૂતર (હળદમાં રંગેલું), મોસમનાં ફળ જેમ કે કેરી, લીચી, તરબૂચ, ફૂલ (લાલ અથવા પીળાં) અને ફૂલોની માળા, વડ વૃક્ષની ડાળી, પલાળેલા કાળા ચણા, ચોખા, ધૂપ બત્તી, સોપારી, ગંગા જળ, પવિત્ર જળ, કેળાનું પાંદડું, નવાં વસ્ત્ર (લાલ પીળું) માટીનો ઘડો, દીવેટ, દેશી ઘી, તાંબાના લોટામાં ગંગાજળ મિક્સ કરેલું જળ, સિંદૂર, કંકુ, હળદર, મીઠાઈ.

વડ સાવિત્રી વ્રતની તિથિ

પંચાગ અનુસાર આ વર્ષે જેઠ અમાસ તિથિ 5 જૂન સાંજે 7:54 મિનિટથી શરૂ થશે, જેનું સમાપન 6 જૂન સાંજે 6:7 મિનિટે થશે. ઉદય તિથિ અનુસાર આ વખતે વડ સાવિત્રી વ્રત 6 જૂન 2024ના દિવસે ગુરુવારે રાખવામાં આવશે.

પૂજાનું શુભ મુહૂર્ત

6 જૂને સવારે 09:28 મિનિટથી લઈને 11:43 મિનિટ સુધી અભિજિત મૂહુર્ત રહેશે. એટલા માટે આ સમયમાં પૂજા કરવાથી શુભ ફળ મળે છે. આ વર્ષે વડ સાવિત્રી વ્રતના દિવસે રોહિણી નક્ષત્ર અને ધૃતિયોગ બને છે.

# વૈશાખ અમાસે દાન, સ્નાન અને પિતૃઓનું તર્પણ અત્યંત કલ્યાણકારી માનવામાં આવે છે

**યંત્ર-મંત્ર-તંત્ર**

**યજ્ઞેશ ત્રિવેદી**

અમાસ તિથિ વિષ્ણુને સમર્પિત હોય છે. તેથી વિષ્ણુ ભગવાનની વિધિવિધાનથી પૂજા કરવી જોઈએ.

વૈશાખ અમાસના દિવસે શ્રીમદ્ ભાગવત કથાના શ્રવણથી અક્ષય પુણ્યની પ્રાપ્તિ થાય છે!

આ દિવસે પિતૃદોષમાંથી મુક્તિ મેળવવા માટે ઉચિત માનવામાં આવે છે!

જૂનમાં અમાસ આવશે, જે 5 જૂનની સાંજે 7:54 મિનિટથી શરૂ થઇને 6 જૂનની સાંજે 6:07 મિનિટ સુધી રહેશે. વૈશાખ મહિનામાં આવતી અમાસને 'વૈશાખ અમાસ' કહે છે. વૈશાખ અમાસ પર કુંડળીમાં પડેલા કાલસર્પ જેવા હાનિકારક દોષો દૂર કરી શકાય છે. વૈશાખ અમાસે દાન, સ્નાન અને પિતૃઓનું તર્પણ અત્યંત કલ્યાકારી માનવામાં આવે છે. સનાતન ધર્મમાં વૈશાખ અમાસનું વિશેષ મહત્ત્વ બતાવ્યું છે. કહે છે કે,આ મહિનામાં ત્રેતા યુગની શરૂઆત થઇ હતી. તમોને જણાવી દઇએ કે,અમાસના દિવસે પિતૃઓને દીપદાન અને તર્પણ કરવામાં આવે છે. પિતૃઓ માટે ધૂપ-ધ્યાન બપોરે 12 વાગ્યે કરવામાં આવે છે.એટલા માટે 6 જૂનનો દિવસ ધૂપ-ધ્યાન કરવા માટે શુભ છે. અમાસ તિથિ વિષ્ણુને સમર્પિત હોય છે.આ દિવસે ભગવાન વિષ્ણુની વિધિવિધાનથી પૂજા કરવામાં આવે છે. આ પાવન દિવસે નદીમાં સ્નાન બાદ સૂર્યને અર્ઘ્ય આપીને પિતૃઓને તર્પણ કરવામાં આવે છે. તર્પણ માટે આ દિવસે ધૂપધ્યાન કરીને બપોરે ગાયના છાણના છાણાં સળગાવવાં અને જયારે છાણામાંથી ધુમાડો નીકળવાનું બંધ થઇ જાય ત્યારે પિતૃઓનું ધ્યાન કરતાં કરતાં ગોળ અને ઘીથી ધૂપ અર્પણ કરવાં.

વૈશાખ અમાસના દિવસે ગંગાસ્નાન, પૂજા પાઠનું વિશેષ મહત્ત્વ હોય છે. આ દિવસે દક્ષિણ ભારતમાં 'શનિ જયંતી' ઉજવાય છે. પરંતુ ધાર્મિક ગ્રંથોમાં વૈશાખ અમાસ પર કંઇક એવાં કામ જણાવ્યાં છે, જે કરવાથી પિતૃઓ પ્રસન્ન થઇ જાય છે. તેનાથી સુખ, શાંતિ અને ધન મળે છે. વૈશાખ મહિનો ભગવાન વિષ્ણુજીને વધારે પ્રિય છે. આ દરમિયાન કરવામાં આવેલી 'પૂજા'થી માંડીને 'ઉપાય' સુધી બધી ચીજોનું ખાસ મહત્ત્વ માનવામાં આવે છે. વૈશાખ મહિનામાં મા લક્ષ્મી પૂજનનું પણ વધારે શુભ હોય છે.

આ સિવાય આ માસમાં આવનારી 'અમાસ'નું પણ વિશેષ મહત્ત્વ છે. હિંદુ ધર્મમાં અમાસ બહુ જ મહત્ત્વની હોય છે.આ દિવસે પિતૃદોષમાંથી મુક્તિ મેળવવા માટે ઉચિત માનવામાં આવે છે. આ દરમિયાન જરૂરિયાતવાળી વ્યક્તિને દાન કરવું ઘણું શુભ હોય છે. માન્યતા છે કે, આ દિવસે ગંગામાં સ્નાન કરવાથી શુભ ફળોની પ્રાપ્તિ થાય છે. સાથે જ મોક્ષ પણ મળે છે!

વૈશાખ અમાસના દિવસે 'શ્રીમદ્ ભાગવત કથા'ના શ્રવણથી અક્ષય પુણ્યની પ્રાપ્તિ થાય છે. આ દિવસે પીપળાના વૃક્ષની પૂજા કરવી. પૂજાના સમયે જળ (પાણી) અર્પણ પણ કરવું. તેનાથી ત્રિદેવોના આશીર્વાદ મળે છે.

અમાસની પૂજા વિધિ

વૈશાખ અમાસ પર બ્રહ્મ મુહૂર્તમાં પવિત્ર નદીમાં સ્નાન કરવું. ત્યાર બાદ સૂર્યદેવને જલનો અર્ઘ્ય આપવો. આ દરમિયાન કર્મકાંડની સાથે સાથે પોતાના પિતૃઓનું તર્પણ કરવું. અમાસના દિવસે પોતાના પિતૃઓના આત્માની શાંતિ માટે ઉપવાસ કરવો. આ દરમિયાન દાન- દક્ષિણા કરવું શુભ છે. એટલા માટે શ્રદ્ધા અનુસાર દાન આપવું. અમાસના દિવસે પીપળાના વૃક્ષને સવારે જળ ચઢાવવું જોઈએ અને સાંજે દીવો પ્રગટાવવો. આ દિવસે અન્નનું દાન કરવું જોઇએ.આ તિથિ પર પિતૃઓનું શ્રાદ્ધ પણ કરી શકાય છે. ધાર્મિક માન્યતા છે, આમ કરવાથી પિતૃઓ પોતાનાં વંશજોને સુખ-સમૃદ્ધિના આશીર્વાદ આપે છે. અમાસે પશુ-પક્ષીઓની સેવા કરવા અને તેમને દાણા ખવડાવવા ઘણું શુભ માનવામાં આવે છે. માન્યતા છે કે એમ કરવાથી જીવનમાં સુખ, સમૃદ્ધિ અને ખુશી આવે છે.

વૈશાખ અમાસનો મંત્રનો જપ કરવો.

વૈશાખ અમાસના દિવસે પિતૃદોષમાંથી મુક્તિ મેળવવા માટે 'ઓમ કુલ દેવતાભ્યો નમઃ' મંત્રનો જપ કરવો લાભકારક રહે છે.

પિતૃદોષ મુક્તિનો ઉપાય

કુટુંબ-પરિવારનાં બધાં સભ્યોએ વારંવાર સિક્કા ભેગા કરવા પછી તેમને મંદિરમાં દાન કરવું.

અમાસે સવારે અને સંધ્યા સમયે ઘરમાં પૂજા સમયે કપૂર સળગાવવું.આ ઉપાય કરવાથી પિતૃદોષ દૂર થાય છે.

અમાસે પીપળા અને વડના વૃક્ષ પર જળ ચઢાવવું. ત્યાર બાદ માતા પર કેશરનું તિલક-ચાંલ્લો કરવો અને શ્રી હરિ વિષ્ણુના જાપ કરવા.

અમાસના દિવસે કાગડા, કૂતરા અને ગાયને ભોજન કરાવવું.

અમાસના દિવસે જરૂરિયાતવાલી વ્યક્તિને અન્ન, મીઠું, આશીર્વાદ પ્રાપ્ત થાય છે.

વૈશાખ અમાસ પર શુભ કામ કયું કયું કરી શકાય?

વૈશાખ અમાસ પર હનુમાનજીની સામે દીવો પ્રગટાવી અને સુંદરકાંડ કે હનુમાન ચાલીસાના પાઠ કરવા.

વૈશાખ અમાસે કોઇ પવિત્ર નદીમાં સ્નાન કરવું. સ્નાન કર્યા બાદ નદી કિનારે દાન-પુણ્ય જરૂર કરો.

કોઇ મંદિરમાં પૂજન સામગ્રી જેવી કે ધૂપ બત્તી, ઘી, તેલ હાર - ફૂલ ભોગ માટે મીઠાઈ, કંકુ, ગુલાલ, ભગવાન માટે વસ્ત્ર વગેરેનું દાન કરવું.

સંભવ હોય તો જરૂરિયાતવાળાં લોકોને જૂતાં-ચંપલ અને છત્રીનું દાન પણ કરવું.

પિતૃઓને કરો ધૂપ દાન

પિતૃઓને ધૂપ દાન કરવા છાણાં સળગાવવાં, જયારે છાણાંનો ધુમાડો નીકળવાનો બંધ થઇ જાય ત્યારે પિતૃઓનું ધ્યાન કરતાં કરતાં ગોળ અને ઘીથી ધૂપ અર્પણ કરવો. આ પ્રક્રિયા દરમિયાન ઘરમાં પિતૃઓનું ધ્યાન કરતાં રહેવું જોઇએ. જળ અર્પણ કરતા સમયે એ વાતનું ધ્યાન રાખવું કે, હથેળીમાં જળ લઇને અંગૂઠા તરફ જળ ચઢાવવું જોઇએ. જાણકાર બ્રાહ્મણને પણ ઘરે બોલાવીને આ અમાસના દિવસે પિતૃતર્પણ વગેરે શાસ્ત્રોકત વિધિસર કરીને પિતૃઓને આપી શકાય. પ્રસન્ન કરી શકાય.



# કર્મફળના દાતા.. ન્યાયાધીશ.. દંડાધિકારી.. શનિ દેવને શરણે થવાનો દિવસઃ શનૈશ્ચર જયંતી

**જડી બુટ્ટી**

**નજુમી**

હિંદુ ધર્મમાં શનિ દેવની પૂજા બહુ જ શુભ માનવામાં આવે છે. જ્યોતિષ શાસ્ત્ર અનુસાર તેમની પૂજા કરવાથી અક્ષય ફળોની પ્રાપ્તિ થાય છે. સાથે જ જીવનમાં અન્યાયનો સામનો નથી કરવો પડતો! તે કર્મોના આધારે બધા સાથે ન્યાય કરે છે. એટલા માટે તેમને 'કર્મફળ દાતા' કહે છે.

શનિ જયંતીના દિવસે ભગવાન શનિની પૂજાનું વિશેષ મહત્ત્વ છે. આ વખતે શનિ જયંતી 6 જૂન 2024ના રોજ ઉજવાશે.

એવી માન્યતા છે કે, જે લોકો આ દિવસે ભાવ સાથે રવિ પુત્રની પૂજા કરે છે- તેને મનવાંછિત વરદાન મળે છે. તો ચાલો, આ દિવસ સાથે સંકળાયેલી કેટલીક ખાસ વાતો જાણીએ.

શનિ જયંતી આ વખતે ખાસ કેમ છે?

શનિ જયંતી આ વખતે 6 જૂનના રોજ ઉજવાશે. આ દિવસે કૃષ્ણ (વદ) પક્ષની અમાસ તિથિ આવે છે. આ દરમિયાન 'સર્વાર્થ સિદ્ધિ યોગ'નું નિર્માણ થશે. આ સિવાય આ દિવસે 'વડ સાવિત્રી'નું પર્વ પણ ઉજવાશે. આવામાં આ વિશેષ તિથિઓનું એકસાથે આવવું તે ઘણો સારો શુભ સંયોગ-સંજોગ માનવામાં આવે છે જેને જોતાં શનિ જયંતી આ વખતે ખાસ મહત્ત્વની છે.

શનિ દેવની કૃપા કેવી રીતે પ્રાપ્ત થાય?

એવી માન્યતા છે કે, ભગવાન શનિ દેવનો જન્મ આ દિવસે અને સર્વાર્થ સિદ્ધિ યોગમાં થયો હતો. આવામાં શનિ જયંતી- 'ન્યાયના દેવતાનું પ્રતીક' માનવામાં આવે છે. સવારે ઊઠીને સ્નાન બાદ ભગવાન શનિ દેવની વિધિ અનુસાર પૂજા કરવી. પીપળાના વૃક્ષ પર સવારે જ જળ ચઢાવવું. તેની સાથે જ સાંજના સમયે તેમની સમક્ષ અને પીપળાની નીચે સરસવના તેલનો દીવો પ્રગટાવવો. આમ કરવાથી શનિદેવ પ્રસન્ન થાય છે. સાથે જ બધાં કાર્યોમાં સફળતા મળે છે.

શનિ જયંતી પર ત્રણ ઉપાય કરવાથી શનિદોષ દૂર થશે. ઉપરાંત અનેક સમસ્યાઓથી મુક્તિ મળશે!

આ દિવસે કરેલા ઉપાયોથી શનિ દોષમાંથી મુક્તિ મળે છે. ઉપાય કરવાથી તમારા ક્રોધને શાંત કરી શકે છે અને તમારાં દરેક કામમાં સફળતા અપાવી શકે છે.

શનિ દેવની પૂજા માટે શનિ જયંતીનો દિવસ સર્વશ્રેષ્ઠ માનવામાં આવે છે. આ દિવસે શનિ દેવની વિધિવિધાનથી પૂજા-અર્ચના કરવાથી શનિના કુપ્રભાવથી રાહત મળે છે. શનિ જયંતી દર વર્ષે જેઠ માસની અમાસ તિથિ પર ઉજવાય છે, જે આ વર્ષે 6 જૂન 2024, ગુરુવારે આવે છે.

શનિ જયંતી પર કરવામાં આવતા ઉપાય

1. કાગડાને રોટલી ખવડાવવી

**શનિ જયંતી આ વખતે ખાસ હોવાથી ઘરે, કારખાને શનિ દેવની મૂર્તિની પૂજા, શનિ સ્તોત્રથી તેલનો અભિષેક... શનિ મંત્રોથી હવનનો જાણકાર પાસે લાભ લેવો જોઈએ!**

જ્યોતિષશાસ્ત્ર અનુસાર શનિ જયંતીના દિવસે જે વ્યક્તિ કાગડાને રોટલી ખવડાવે છે- તો શનિ દેવ તેના ઉપર પ્રસન્ન થઈને તેને શુભ આશીર્વાદ આપે છે. કાગડાને શનિ દેવનું વાહન માનવામાં આવે છે. એટલા માટે તમે શનિ જયંતીના દિવસે કાગડાને ભોજન કરાવો છો તો શનિ દેવની વિશેષ કૃપા તમારા ઉપર હંમેશા રહે છે.

2. કપૂરનો ઉપાય

જો કોઈ જાતકની કુંડળીમાં રાહુ કે શનિનો દોષ લાગ્યો છે તો શનિ જયંતીના દિવસે એક કાળા રંગના કપડામાં કપૂર લેવું અને તેને ઘરની છતના દરવાજા પર ટીંગાડી દો. હવે સૂર્યાસ્ત પછી આ કપૂરને સળગાવી દો. આમ કરવાથી તમોને જલદીથી જ ફાયદો મળવાનો શરૂ થઈ જાય છે.

3. સરસવ તેલનો દીવો પ્રગટાવવો

જ્યોતિષશાસ્ત્ર અનુસાર શનિ/જયંતીના એક દિવસ પહેલાં એક વાટકીમાં સરસવનું તેલમાં થોડાક કાળા તલ નાખીને તે વાટકીમાં શમીના વૃક્ષ પાસે રાખો.

આ ઉપાય કરવાથી કુંડળીમાં હાજર શનિની સાડા સાતી અને નાની પનોતીના પ્રભાવને ઓછો કરી શકાય છે. એ સિવાય જો તમારા ઘરમાં વાસ્તુદોષ ઉત્પન્ન થઈ ગયો હોય તો આ ઉપાય તમારા માટે બહુ જ કામનો બની શકે છે. આ ઉપાયથી કુંડળીમાં શનિની સ્થિતિ મજબૂત થશે.

શનિ જયંતીએ સાડા સાતીનો ઉપાય

જો તમે સાડા સાતીમાંથી છુટકારો મેળવવા ઈચ્છતા હો તો શનિ જયંતી પર સ્નાન-ધ્યાન બાદ ગંગાજળથી ભગવાન શિવનો અભિષેક કરી શકો છો. શનિ દેવના આરાધ્ય જગતના પાલનહાર શ્રીકૃષ્ણ છે. એટલા માટે શનિ જયંતી પર ભગવાન શ્રીકૃષ્ણની પૂજા-અર્ચના અવશ્ય કરવી. ત્યાર બાદ મંદિરમાં જઈને ભગવાન શ્રીકૃષ્ણને મોરપંખ અને વાંસળી અર્પણ કરવી. આ ઉપાય કરવાથી પણ શનિદેવ શીઘ્ર પ્રસન્ન થાય છે. શનિ જયંતી પર સ્નાન-ધ્યાન કરીને વિધિવિધાનથી હનુમાનજીની પૂજા કરવી. પૂજાના સમયે હનુમાનજીને સિંદૂર અર્પણ કરવું. સાથે સાથે જ ઓછામાં ઓછા 21 અથવા 11 વાર હનુમાન ચાલીસાના પાઠ કરવા. સાધકની પોતાની સુવિધા અનુસાર 7 વાર પણ હનુમાન ચાલીસાના પાઠ કરી શકો છો. આ ઉપાય કરવાથી પણ શનિની પનોતી, નડતર, દોષ દૂર થાય છે.

શનિ જયંતી પર 'દાન' કરવાનું વિશેષ મહત્ત્વ છે. તેના માટે શનિ જયંતી પર સ્નાન, ધ્યાન, પૂજા, જપ-તપ કર્યા પછી દાન અવશ્ય કરવું. આ દિવસે ચામડાની ચંપલ-જૂતાં, કાળી છત્રી, કંબલ (ધાબળો), અડદની દાળ, મીઠું વગેરે ચીજોનું દાન કરવું. આમ કરવાથી શનિ દેવ પ્રસન્ન થાય છે. તેમની કૃપા સાધક પર વરસે છે.

આ દિવસે એક તરફ પરણેલી પોતાના સુહાગના રક્ષણ માટે પૂજા કરશે, જ્યારે સાંજે શનિ દેવની જયંતી ઉજવાશે. શનિ દરેક જાતકને તેનાં કર્મોના હિસાબનું ફળ આપે છે. શનિને મનાવવા આસાન નથી. પરંતુ કેટલાક ઉપાયો કરવાથી શનિ પ્રસન્ન થાય છે. એમાંથી એક છેઃ શનિ જયંતી.

આ દિવસે કેન્દ્રમાં પાંચ ગ્રહ સૂર્ય, ચંદ્ર, બુધ, ગુરુ, શુક્રની યુતિ બની રહી છે. યુતિ સિવાય 6 જૂને 'માલવ્ય' તેમજ શનિનો 'શશયોગ' પણ બની રહ્યો છે. તમને જણાવી દઈએ કે આવી શ્રેષ્ઠ સ્થિતિ વર્ષોમાં બને છે. આ અવસર પર પનોતી, સાડા સાતીથી રાહત માટે 'શનિ મહાયજ્ઞ' થશે તો ક્યાંક તલ તેલથી અભિષેક માટે લાંબી લાઈનો લાગે છે.



# 'શનિ દેવ'નું નામ સાંભળીને જ લોકોના મનમાં ડરનો ભાવ આવી જાય છે!

**સમસ્યા અને સમાધાન**

**વાય.જે.ટી.**

જ્યોતિષમાં શનિ દેવનું વિશેષ સ્થાન પ્રાપ્ત છે. શનિ દેવ ન્યાયના દેવતા છે અને બધા ગ્રહોમાં સૌથી ધીમી ચાલ ચાલે છે. શનિ અશુભ હોય તો વ્યક્તિને કેટલાયે પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડે છે. આ સમયે 'મીન રાશિ' પર શનિની સાડા સાતીનું પહેલું ચરણ ચાલી રહ્યું છે. શનિની સાડા સાતીનું પહેલું ચરણ સૌથી ખતરનાક હોય છે. સાડા સાતીના પહેલા ચરણમાં વ્યક્તિએ પોતાનું વિશેષ ધ્યાન રાખવું જોઈએ. શનિની સાડા સાતી સિવાય શનિની પનોતી લાગવાથી પણ કેટલાયે પ્રકારની સમસ્યાઓનો સામનો કરવો પડે છે.

'વૃશ્ચિક' અને 'કર્ક' રાશિ પર શનિની પનોતી ચાલી રહી છે. શનિની પનોતી લાગવાથી વ્યક્તિને કેટલાયે પ્રકારની સમસ્યાઓ સામે ઝઝૂમવું પડે છે.

'શનિ દેવ'નું નામ સાંભળીને જ લોકોના મનમાં ડરનો ભાવ આવી જાય છે. તેનું કારણ એ છે કે, 'શનિ' જે પણ રાશિમાં બેઠેલો હોય તેને વધારે અશુભ ફળ આપે છે. આ વર્ષે શનિ જયંતી પર શનિ કેટલીક રાશિઓ પર પોતાનો કોપ વરસાવશે. શનિ જયંતી આ વર્ષે 6 જૂન, ગુરુવારના દિવસે છે.

આ વર્ષે શનિ જયંતી પર 'શનિ' અને

**શનિ દેવની પૂજા, તેલ ચઢાવવું, દર્શન કરવા. શનિમંત્રોથી હવન કરવાથી શનિનો ડર-ભય રહેતો નથી. લોકો ખોટા ડરે છે. પાણી પહેલાં પાળ બાંધવી જોઈએ!**

'રાહુ' બંને મળવાથી 'દ્વાદશ યોગ' બને છે. મંગળ 1 જૂનથી મેષ રાશિમાં ગોચર કરે છે. જેનાથી મંગળ પર શનિની દૃષ્ટિ થવાથી વિપરીત પરિસ્થિતિઓ ઊભી થાય છે.

દેશ-દુનિયામાં કેટલીયે નકારાત્મક ઘટનાઓ થશે. તેનો પ્રભાવ બીજા મહિના સુધી રહેશે. શનિ જયંતી પર કેટલીક રાશિઓ માટે શુભ નથી. આવો જાણીએ કે, કઈ રાશિઓ માટે શુભ નથી- શનિ જયંતી.



મેષ રાશિનાં જાતકોએ રોકાણ કરતાં બચવું જોઈએ.

મેષ રાશિનાં જાતકોએ સાવધાનીની સાથે કોઈ પણ નિર્ણય લેવો જોઈએ. ખાસ કરીને પૈસાની લેણ-દેણ સંબંધિત નિર્ણય લેવાથી બચવું જોઈએ! રોકાણના કાર્યમાં પણ સાવધાનીથી પણ કામ લેવું. આ સમયે જો કોઈ ઓપરેશન કરાવવાનું વિચારી રહ્યા હો તો તમારે તેનાથી બચવું જોઈએ, કારણકે દુર્ઘટનાની આશંકા રહેલી હોય તેવું દેખાય છે. એ જ પ્રમાણે મેષ રાશિવાળાં જાતકોએ વાહન ચલાવવાથી બચવું જોઈએ.

કર્ક રાશિનાં જાતકો કુટુંબ પરિવારથી હેરાન-પરેશાન થઈ શકે છે!

કર્ક રાશિનાં જાતકો માટે આ સમય પ્રતિકૂળ ચાલે છે. આ સમય દરમિયાન તમોને આરોગ્ય સંબંધિત પરેશાનીઓ થઈ શકે છે. કર્ક રાશિનાં જાતકો પર શનિની નાની પનોતી ચાલે છે. જેનાથી કર્ક રાશિનાં જાતકોના મનમાં કેટલાયે પ્રકારની નકારાત્મકતાઓ આવી શકે છે. આ સમય દરમિયાન તમોને પારિવારિક નિર્ણય કેટલીયે પરેશાનીઓ આવી શકે છે. ખાસ કરીને માતાનું આરોગ્ય આ દિવસે ઠીક નહીં રહે.

સિંહ રાશિનાં જાતક ધંધો કરવાનું હમણાં ના વિચારે

સિંહ રાશિનાં જે જાતક અત્યારે જો બિઝનેસ કરવાનું મન બનાવ્યું હોય તો તેનાથી તમારે બચવું જોઈએ. શનિના પ્રતિકૂળ પ્રભાવના કારણે તમારે કોઈ પણ મોટા નિર્ણય લેતાં બચવું જોઈએ. એ જ પ્રમાણે લગ્નજીવનની વાત કરીએ. તમારે નવા બિઝનેસ કરવાથી બચવું જોઈએ. નોકરિયાત લોકો પણ અત્યારે જોબ બદલવાનો નિર્ણય ના લેવો. કુટુંબ પરિવાર ગૂંચવાયેલું રહેશે. જીવનસાથીના આરોગ્ય માટે તમારે પરેશાનીનો સામનો કરવો પડે છે.

વૃશ્ચિક રાશિવાળાં લોકોએ પોપર્ટીમાં રોકાણ ના કરવું જોઈએ.

વૃશ્ચિક રાશિવાળાં લોકોએ પોપર્ટીમાં રોકાણ ના કરવું. આ સમય આર્થિક મામલે ઠીક નથી. એ જ પ્રમાણે આરોગ્યની વાત કરીએ તો.. તમારે હોસ્પિટલમાં ચક્કર પણ લગાવવાં પડશે. એટલા માટે જો તમે નાની મોટી આરોગ્યની પરેશાનીથી ઝઝૂમી રહ્યા હો તો તેને નજર અંદાજ ના કરવો જોઈએ. ફેમિલીમાં તમને કંઈક કહી દેવાથી તમારું મન દુઃખી રહી શકે છે. તનાવથી બચવું જરૂરી છે.

મીન રાશિવાળાને માનસિક તણાવ રહી શકે છે

મીન રાશિનાં જાતકો માટે આ સમય શુભ નથી. તમારે માનસિક ઉલઝનોનો સામનો કરવો પડશે. માથાનો દુખાવો, માઈગ્રેન જેવી સમસ્યાઓ તમે ઉલઝનમાં રહેવાના કારણે તમે સાચો નિર્ણય ના લઈ શકો. મન વિચલિત રહી શકે છે. તમારે ક્રોધ અને વાણીને નિયંત્રણમાં રાખવું જોઈએ. તેના કારણે તમે કેટલાયે પ્રકારની પરેશાનીઓથી બચી જશો. આ સમય દરમિયાન કોઈ પણ મોટો નિર્ણય લેવાથી બચવું જોઈએ. ટૂંકમાં આ દિવસ એટલો બધો ચૈતન્ય છે કે બધી જ રીતે શુભ-શુભ જ છે. આવો દિવસ અને મોકો જીવનમાં ભાગ્યે જ મળે છે. તેથી તમે ઘરે સ્નાન, દાન તથા પિતૃઓની વિધિ, શનૈશ્ચર દેવાની પૂજા હોમ-હવન, શ્રી હરિવિષ્ણુ-લક્ષ્મીની પૂજા- આ બધું જ કરો તો જીવનમાંથી દુઃખ જ ના રહે. સુખી થઈ જાવ!